| Innovation ID | DTP0010000002517 | Sr No : 1 |
|---|---|---|

| | |
|---|---|
| Innovation Title | પશુને મેણો (Bloat) ચડવો |
| Category | પશુ સંવર્ધન |
| Notebook Number | Lok(૧)૩ may-june-૧૯૯૬, pg.no.-૯ |
| Brief | પશુને મેણો (Bloat) ચડે તો રાફડાની માટી, કાળી કંથેર(Capparis sepiaria) અને પાણીનો ઉપયોગ |
| Detail | જો પશુ દિવેલા(Ricinus communis)ના કૂણા પાન, ફોતરી અથવા બિઘલ્યા વગરની કાચી જુવાર વધુ પ્રમાણમાં ખાઈ જાય તો મેણો (Bloat) ચડે છે. જેને ઝેરી મેણો (Bloat) કહે છે. પશુના મોંઢામાંથી સફેદ રંગનું ફીણ નીકળે છે અને પશુના પેટમાં ઝેરી અસર થવાથી પેટ ફૂલી જાય છે. જો સમયસર સારવાર કરવામાં ન આવે તો પશુ મૃત્યુ પામે છે.<br>મહુવા તાલુકાના સેંદરડા ગામના પશુવૈદ્ય શ્રી વશરામભાઈ પંચોળી પોતાના અનુભવોનો ઉલ્લેખ કરતાં કહે છે. પશુનું મોંઢુ બે ત્રણ વ્યક્તિઓએ ખુલ્લુ પકડી રાખીને અન્ય વ્યક્તિએ રાફડાની માટી મોંઢામાં ઘસવી જોઈએ. જેથી, જે ઝેર પશુને ચડયું હોય તે માટીમાં શોષાઈને બહાર નીકળી જાય છે. ઘણા વિસ્તારમાં પશુનું મોં ખુલ્લું રાખવા લાકડાની માંકડી બે જડબા વચ્ચે ભરાવવામાં આવે છે. મેણો ઉતારવાની બીજી એક રીત પણ છે, કાળી કંથેર (Capparis sepiaria) નામની વનસ્પતિના મૂળિયા ખાંડીને આશરે ૫૦ ગ્રામ જેટલો ભૂકો પાણીમાં નાખી પશુને એક એક નાળ બે વખત પીવડાવવાથી મેણો (Bloat) ઉતરી જાય છે.<br>કાળી કંથેરનો છોડ સામાન્ય રીતે બારેમાસ મળી રહે છે. તેને ગુલાબી ફૂલ આવે છે અને ફળનો ઘણા વિસ્તારમાં લોકો ખાવામાં ઉપયોગ કરે છે. સ્વાદમાં તૂરા હોય છે.<br><br>(પશુચિકિત્સક ડૉ. પી આર પટેલના મત અનુસાર, માટી ઘસવા માટે પશુનું મોઢું ખુલ્લુ રાખવાથી લાળ રસ ખૂબ જ પ્રમાણમાં ઝરે છે. જે પેટમાં જવાથી ગેસ છૂટો પડે છે. મોઢામાં ઘસવામાં આવતી માટી પણ પેટમાં જવાથી ઓડકાર દ્વારા ગેસ બહાર આવે છે. આમ આ પદ્ધતિથી પશુને રાહત મળવાની સંભાવના છે. ડૉ. જયવીર અંજારીયા જણાવે છે કે, મેણો ચડવામાં હાઈડ્રોસાયનીક એસિડ નામનું તત્વ જવાબદાર છે. આ એટલુ બધુ ઝેરી હોય છે કે ઘણી વાર પશુ અડધા કલાકમાં જ મૃત્યુ પામે છે. આથી તાત્કાલિક સારવાર જરૂરી છે. |
| Method of Use | |
| Caution | |
| Benefit | |
| Condition | |
| Material Used | રાફડાની માટી, કાળી કંથેર (Capparis sepiaria)અને પાણી |
| IPR Status | |
| Keywords | પશુ, મેણો, Bloat, રાફડા, માટી, કાળીકંથેર, Capparis sepiaria, પાણી, ભાવનગર |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૦૨૯૨ | Member Type | Scout | | |
| First Name | દિલીપભાઈ | Middle Name | ડી. | Last Name | કોરડીયા |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | મુ.પો. ભુભલી | Taluka | ઘોઘા | | |
| District | Bhavnagar | State | Gujarat | Country | India |
| Biography | | | | | |
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૨૫૦૧ | Member Type | Innovator | | |
| First Name | વશરામભાઈ | Middle Name | ભવાનભાઈ | Last Name | પંચોળી |
| Profession | ખેતી,પશુપાલન | Designation | ખેડૂત,પશુપાલક | | |
| Address 1 | | | | | |
| Village | મુ. સેંદરડા | Taluka | મહુવા | | |
| District | Bhavnagar | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| Innovation ID | DTP0010000002539 | Sr No : 2 |
|---|---|---|

Innovation Title: પશુને પેશાબનો બંધક (Anuria)

Category: પશુ સંવર્ધન

Notebook Number: Lok (૧) ૫-૬ Dec ૧૯૯૬, Pg No. ૧૫

Brief: પશુને પેશાબનો બંધક (Anuria) થાય તો બીજોરા (Citrus medica)ના ફળનો ઉપયોગ

Detail: બળદના મુતરણમાં પથરી થવાથી અથવા મુતરણનો અંદરનો ભાગ સૂઝી જવાથી પશુને પીડા થાય છે. ઝીણી ઝીણી પથરીની કણીઓ પેશાબની કોથળીમાં ભેગી થઈ, પાછળના બે પગ વચ્ચેથી જ્યાં મુત્રવાહિની વળાંક લે છે ત્યાં જમા થઈ મગફળીના દાણા કે ગોળ ચણા જેવી કાંકરી બનાવે છે આ કાંકરી મુત્રવાહિનીમાં ભરાવાથી પેશાબ રોકાઈ જાય છે.
મહુવા તાલુકાના નીચા કોટડા ગામના શ્રી રનુભાઈ બીજોરુના ફળ ખવડાવી ઉપચાર કરે છે. ખેડૂતના જણાવ્યા મુજબ બીજોરુ (Citrus medica)ના ફળ ૫૦૦ ગ્રામ લેખે સવાર સાંજ એમ ત્રણ દિવસ સુધી ખાણદાણ સાથે પશુને આપવાથી ફાયદો થાય છે. આ જ ગામના ખેડૂત શ્રી રણછોડભાઈ કાળાભાઈ ભીલ કહે છે કે મારા બળદને ડૉક્ટરની સારવારથી જ્યારે સારું ન થયું ત્યારે બીજોરુંના ફળનો રસ ૧૦૦ ગ્રામ લેખે સવાર સાંજ એમ બે દિવસ આપવાથી આરામ થઈ ગયો હતો.
બીજા એક ખેડૂત શ્રી અમૃતભાઈ ઓધવભાઈ મહેતા કહે છે કે, અમારા વિસ્તારમાં આ પદ્ધતિ ખૂબ જ પ્રચલિત છે. બીજોરું લીબું વર્ગનું એક ઝાડ છે જેને લીંબુ કરતા ઘણાં મોટા ફળ બેસે છે.
(ડૉ. અંજારિયા જણાવે છે કે, જો કાંકરી બંધાઈ ગઈ હોય અને પીગળીને ટૂટે નહિ તેવા કિસ્સામાં શસ્ત્રક્રિયા જરૂરી છે. ત્યારબાદ સાટોડીના મૂળ, ગોખરૂ વગેરેનો ઉકાળો જે મૂત્ર વર્ધક છે તે સાથે બીજોરું આપવાથી વધારે ગુણકારી થાય.

Method of Use:

Caution:

Benefit:

Condition:

Material Used: બીજોરા (Citrus medica)નું ફળ

IPR Status:

Keywords: પશુ, પેશાબ, બંધક, Anuria, બીજોરા, Citrus medica, ફળ, મહુવા

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૧૦૯૩ | Member Type | Scout | | |
|---|---|---|---|---|---|
| First Name | રમેશભાઈ | Middle Name | અમૃતભાઈ | Last Name | પટેલ |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | મુ.પો જંડા | Taluka | કપડવંજ | | |
| District | Kheda | State | Gujarat | Country | India |
| Biography | ઉત્તરદાતાની ઉંમર ૪૨ વર્ષની છે. તેમને બે પુત્ર છે. ૨૦ વિઘા પિયત જમીન છે. કપાસ, ચોળી, વળીયાળી, મકાઈ, તલ, બટાકા, દિવેલા વગેરે પાક વાવે છે. હાલ ઘરે ખેતી કરે છે. ઉત્તરદાતા કપાસમાં સફેદ માખી, પશુને જીવાત, માણસની મસાજ, કમળાની દેશી દવા કરે છે. | | | | |

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૨૫૨૫ | Member Type | Innovator | | |
|---|---|---|---|---|---|
| First Name | રનુભાઈ | Middle Name | લાખાભાઈ | Last Name | ભીલ |
| Profession | ખેતી,પશુપાલન | Designation | ખેડૂત,પશુપાલક | | |
| Address 1 | | | | | |
| Village | મુ. નીચા કોટડા | Taluka | મહુવા | | |
| District | Bhavnagar | State | Gujarat | Country | India |
| Biography | | | | | |